## દિવાની મુકદમા નં.૧૧૬૪/૨૦૨૧

## આંક–૧૬ તથા ૧૭ લગત હુકમઃ–

૧. આ કામના વાદીએ પ્રતિવાદી બેંક સામે ડેક્લેરેશન તથા કાયમી મનાઇહુકમ માટે હાલનો દાવો દાખલ કરેલ છે. સદર દાવાનો સમંસ અને મનાઇઅરજીની નોટીસ પ્રતિવાદીઓને બજી જતાં પ્રતિવાદીએ આ કામે હાજર થઇ પોતાનો લેખિત જવાબ રજુ કરેલ છે. ત્યારબાદ આંક–૧૬ ના ચેમ્બર સમંસ સાથે આંક–૧૭ થી હાલની સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ મુજબ અરજી આપવામાં આવેલ છે. આ અરજીના હિયરીંગના સ્ટેજે કોઇ વકીલશ્રી કે પક્ષકાર આ કામે હાજર ન રહેતાં રેકર્ડ આધારે આ અરજીનો નિર્ણય કરવામાં આવેલ છે.

૨. પ્રતિવાદી તરફે પોતાની અરજીમાં મુખ્યત્વે તેમ જણાવેલ છે કે, વાદીએ પ્રતિવાદી પાસેથી લોન મેળવેલ અને વાદીએ લોન ન ભરતાં તેઓ સામે રીકવરી પ્રક્રિયા અનુસરવામાં આવેલ અને રકમની માંગણી કરવામાં આવતાં ખોટાં કારણો જણાવીને હાલનો દાવો કરેલ હોય વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. વધુમાં પ્રતિવાદીએ લોનની રકમ નહીં ચુકવતાં પ્રતિવાદી દ્વારા સરફેસી એક્ટ મુજબની કાર્યવાહી કરી તે મિલ્કત જપ્ત કરેલ હોય સરફેસી એક્ટની કલમ–૩૪ મુજબ પણ વાદીના હાલના દાવાને બાધ નડતો હોય વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ ની જોગવાઇઓ ધ્યાને લઇ રદ કરવા ભારપુર્વક રજુઆત કરેલ છે.

૩. સામાપક્ષે વાદી તરફે આ કામે કોઇ હાજર રહેલ નથી કે કોઇ રજુઆત કરેલ નથી.

૪. અરજીની હકીકતો તથા સ્વરુપ જોતાં આ તબકકે સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ ની જોગવાઇ ટાંકવી જરુરી છે જે નીચે મુજબ છે.

*ઓર્ડર ૭ રુલ ૧૧:– દાવા અરજી નામંજૂર કરવી:–*
*નીચેના પ્રસંગોએ દાવા અરજી નામંજૂર કરવી જોઈશે :*
*(એ) તેમાં દાવાનું કારણ જણાવવામાં આવ્યું ન હોય,*
*(બી) માંગેલી દાદની કિંમત ઓછી આંકી હોય, અને ન્યાયાલય ઠરાવે તે મુદ્દતમાં કિંમતનો આંકડો સુધારી આપવાનું કહ્યા છતાં વાદી તેમ ન કરે.*
*(સી) માંગેલી દાદની કિંમત બરાબર આંકી હોય પણ ઓછા સ્ટેમ્પ મારેલા કાગળ ઉપર દાવા અરજી લખી હોય અને ન્યાયાલય ઠરાવે તે મુદતમાં સ્ટેમ્પ વાળો કાગળ રજૂ કરવાનું કહ્યા છતાં વાદી તેમ ન કરે.*
***(ડી) દાવા અરજીમાં લખેલા મજકૂર ઉપરથી એમ જણાય કે કોઈ કાયદાથી દાવો ચલાવવાને બાધ આવે છે,***
*(ઈ) જ્યારે તે ડુપ્લીકેટમાં ફાઈલ કરવામાં ન આવે ત્યારે;*
*(એફ) જ્યારે વાદી નિયમ–૯ ની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફ જાય પરંતુ મૂલ્યાંકન સુધારવા અને જરૂરી સ્ટેમ્પ વાળા કાગળો રજૂ કરવા માટે ન્યાયાલયે નક્કી કરેલો સમય વધારી આપવામાં આવશે નહિ, સિવાય કે લેખિત નોંધ કરવાના કારણોસર ન્યાયાલયને એવી ખાત્રી થાય કે કોઈ અસાધારણ પ્રકારના કારણસર, વાદી ન્યાયાલયે નક્કી કરેલા સમયની અંદર યથાપ્રસંગ, મૂલ્યાંકન સુધારી શકયો ન હત અથવા જોઈતા સ્ટેમ્પવાળા કાગળો રજૂ કરી શકયો ન હતો અને એવ સમય વધારી આપવાની ના પાડવાથી વાદીને ગંભીર અન્યાય થાય તેમ છે.*

૫. ઉપરોક્ત જોગવાઈઓ સાથે સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ ની અરજી સંબંધે પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંતોને લક્ષમાં લેતાં સામાન્યતઃ આ અરજીના નિર્ણય માટે ફક્ત વાદીની દાવા અરજી અને તે સાથે રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેવાના રહે છે, પ્રતિવાદીનો બચાવ કે જવાબ આ અરજીના નિર્ણય માટે ધ્યાને લઇ શકાય નહીં.

૬. ઉપરોક્ત સિદ્ધાંતોને લક્ષમાં રાખીને સૌ પ્રથમ વાદીનો દાવો જોતાં વાદીએ હાલનો દાવો પ્રતિવાદી બેંક સામે દાવાવાળી મિલ્કત અંગે પ્રતિવાદી વિરુદ્ધ કાયમી મનાઇહુકમ મેળવવા માટે તથા પ્રતિવાદી બેંક વધુ રકમ લેવાનું કૃત્ય ન કરે તેવી જાહેરાત માટે દાખલ કરેલ છે. વાદીના જણાવ્યા મુજબ દાવાવાળી મિલ્કત વાદીની છે અને તે મિલ્કત પ્રતિવાદીએ ટાંચમાં લઇ સદરહુ લોનની રીકવરી કરવા માંગે છે. પ્રતિવાદીના જણાવ્યા મુજબ વાદીએ મેળવેલ લોન સબબ વાદી ડિફોલ્ટર થયેલ હોય સરફેસી એક્ટની જોગવાઇઓ મુજબની કાર્યવાહી વાદી વિરુદ્ધ કરવામાં આવેલ છે. તેવા સંજોગોમાં વાદી સદરહુ મિલ્કત ઉપર સરફેસી એક્ટ મુજબની કાર્યવાહી ચાલતી હોવાનું જાણતા હોવા છતાં હાલનો દાવો લઇને આવેલ છે, સરફેસી એક્ટની કલમ –૩૪ ની જોગવાઇ અત્રે ટાંકવી જરુરી છે જે નીચે મુજબ છે.

***34. Civil Court not to have jurisdiction.***

*No Civil Court shall have jurisdiction to entertain any suit or proceeding in respect of any matter which a Debts Recovery Tribunal or the Appellate Tribunal is empowered by or under this Act to determine and no injunction shall be granted by any Court or other authority in respect of any action taken or to be taken in pursuance of any power conferred by or under this Act or under the Recovery of Debts Due to Banks and Financial Institutions Act, 1993*

૭. ઉપરોક્ત જોગવાઇ મુજબ સરફેસી એક્ટના હુકમ વિરુદ્ધ વાદીઓએ સક્ષમ સત્તાધિકારી સમક્ષ યોગ્ય કાર્યવાહી કરવી પડે. હાથ પરના કેસમાં વાદીનો આ દાવો રજીસ્ટરે લઇ કેસની કાર્યવાહી આગળ ચલાવવાનો અર્થ પ્રતિવાદીને સરફેસી એક્ટના કાયદા હેઠળ મેળવેલા હુકમ સામે મેટર સબજ્યુડાઇસ કરવાનો થાય જે કાયદા મુજબ નિષેધ છે. તેથી વાદીને દાવો કરવા માટેનું કોઇ વાસ્તવિક કારણ રહેતું નથી તથા દાવાને સરફેસી એક્ટનો

બાધ નડે છે. તે તમામ હકીકતે વાદીનો દાવો કાયદાથી બાધિત હોય તેથી વાદીનો દાવો સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧ (ડી) મુજબ ટકવાપાત્ર નથી. તે સંજોગોમાં પ્રતિવાદીની અરજી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**હુકમ**

૧. પ્રતિવાદીની આંક–૧૭ ની અરજી મંજુર કરવામાં આવે છે તથા ચેમ્બર સમંસ ફેંસલ કરવામાં આવે છે.

૨. સી.પી.સી. ઓર્ડર ૭ રુલ ૧૧(ડી) મુજબ વાદીના દાવાને કાયદાથી બાધ નડતો હોય વાદીનો દાવો રદ કરવામાં આવે છે.

– આ હુકમ આજરોજ તા.૧૧, માહે–ઓગષ્ટ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, જાહેર કર્યો.

તા.૧૧/૦૮/૨૦૨૬
સ્થળઃ અમદાવાદ.

**(એમ.એચ.પઠાણ)**
જજ,
કોર્ટ નં.૧૬,
સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ,
અમદાવાદ.
(કોડ નં.**જીજે ૦૦૬૯૦**)

N G BAROT